રાવ બાહાદુર

લલુભાઈ કશનદાસની સાબાશી

નાયક ગોવિંદજી અભાએ

તે

છપાવનાર

મણીલાલ ઉત્તમરામ

સને ૧૮૭૫—સંવત ૧૯૩૧

કિંમત છ પાઈ

અને રસતા વચ્ચે રોકીરે,

છેલ છબીલા છોગાળા. એ રાગ.

ધી મારા બીઠારે, લલુભાઈ લાખેણા. ટેક

સાગર લાગો મીઠારે, લલુભાઈ લાખેણા.

કરસનદાસના તનરે, લલુભાઈ લાખેણા.

માને આપ્યાં અંજરે, લલુભાઈ લાખેણા.

ખ્યાને શરીલારે, લલુભાઈ લાખેણા.

ઘરમાં પાંતીલારે, લલુભાઈ લાખેણા.

ને રાખી રાજરે, લલુભાઈ લાખેણા.

બે પંડીત કાજરે, લલુભાઈ લાખેણા.

ફેરો ઇનસાફ તમારોરે, લલુંભાઇ લાખેણા.
તે સહુને લાગે સારારે, લલુભાઇ લાખેણા.
તમે મુનારા વશ કીધારે, લલુભાઇ લાખેણા.
ભુરખાને પકડી લીધારે, લલુભાઇ લાખેણા.
તમે પરખ્યા સારા નરતોરે, લલુભાઇ લાખેણા"
તમે ઢોંગી ચોરને વરતોરે, લલુભાઇ લાખેણા.
મુખ મુદ્રાયો પીછાણીરે, લલુભાઇ લાખેણા.
ગુણવાનતણી ખુબજાણીરે, લલુભાઇ લાખેણા.
સહુ સુંદર કામ તમારૂંરે, લલુભાઇ લાખેણા.
તેથી રાખરૂ કામ અમારૂંરે, લલુભાઇ લાખેણા.
એમ શરવે લોકો કેહેનારે, લલુભાઇ લાખેણા.
સહુને સારો બોધ દેતારે, લલુભાઇ લાખેણા.
તમે ઢાવીનું પણ રાખ્યુંરે, લલુભાઇ લાખેણા.
તમે વિદ્યાનું ફળ ચાખ્યુંરે, લલુભાઇ લાખેણા.
તમે રાતરા ભાગલતહારરે, લલુભાઇ લાખેણા.

એમ શોક કરે ઉચ્ચારરે, લલુભાઈ લાખેણા
તમે વિદ્યાના છોડ વાવ્યારે, લલુભાઈ લાખેણા.
સઉ રંક જનને મન ભાવ્યારે, લલુભાઈ લાખેણા.
તમે ચતુર શીરોમણ પુરારે, લલુભાઈ લાખેણા.
તમે સતવાદી ને સુરારે, લલુભાઈ લાખેણા.
દુખીને કરૂપાશાળારે, લલુભાઈ લાખેણા.
હરખો ભણતી જોઇ બાળારે. લલુભાઈ લાખેણા.
તમે કીધા બહુ ઉપકારોરે, લલુભાઈ લાખેણા.
થાય ભણવાથી સુધારોરે, લલુભાઈ લાખેણા.
તમે તપાસ સારી લેતારે, લલુભાઈ લાખેણા.
ભણવામાં હિંમત દેતારે, લલુભાઈ લાખેણા.
સઉ બાળા આશીશ દેછેરે, લલુભાઈ લાખેણા.
કરજોડી નાથજી કહે છેરે, લલુભાઈ લાખેણા.
તમે અમદાવાદના વાશીરે, લલુભાઈ લાખેણા.
તમે મેળવી બહુ સાબાશીરે, લલુભાઈ લાખેણા

તમે ક્ષત્રી કેરા તનરે, લલુભાઈ લાખેણા.
લલુભાઈ તમને ધનરે, લલુભાઈ લાખેણા.
તમે જુઠા જનને તજ્યારે, લલુભાઈ લાખેણા.
ભાવેથી પ્રભુ ભજ્યારે, લલુભાઈ લાખેણા.
તમે અરજુન જેવા સુરારે, લલુભાઈ લાખેણા.
નહીં સદગુણમાં અધુરારે, લલુભાઈ લાખેણા.
સઉ સાથે મિલનસારોરે, લલુભાઈ લાખેણા.
જાણે ગોકુળના ગીરધારીરે, લલુભાઈ લાખેણા.
તેમ કંસ મથુરાં ભયરે, લલુભાઈ લાખેણા.
સઉ ગોકુળ મળવા ધાયરે, લલુભાઈ લાખેણા.
એમ મેહુમદાવાદના સજનરે, લલુભાઈ લાખેણા.
લલુભાઈને કહે ધન્યરે, લલુભાઈ લાખેણા.
જેમ કહાન ગોકુળને પ્યારારે, લલુભાઈ લાખેણા.
એમ સઉને લાગો સારારે, લલુભાઈ લાખેણા.
તમે લાડ લડાવ્યાં સારાંરે, લલુભાઈ લાખેણા.

હવે આજાં ભાગ્ય હમારાંરે, લલુભાઈ લાખેણા
ભાગશાળી આરપાડ ગામરે, લલુભાઈ લાખેણા
જ્યાં રાજ ચલાવે રામરે, લલુભાઈ લાખેણા
તેમ ઘરે પતીવ્રત નારરે, લલુભાઈ લાખેણા
જાણે સીતાનો અવતારરે, લલુભાઈ લાખેણા
તમે પ્રીત દખાડી ભારીરે, લલુભાઈ લાખેણા
નહીં વીસરે તે વીસારીરે, લલુભાઈ લાખેણા
સહુ આગણીસમુ કરીએરે. લલુભાઈ લાખેણા
સતાવીસાની સોલ લઈએરે લલુભાઈ લાખેણા
દસરાને દીન સીધાવ્યારે, લલુભાઈ લાખેણા
સહુ સજન મળવા આવ્યારે, લલુભાઈ લાખેણા
મેહેમદાવાદ સુધી ચાલ્યારે, લલુભાઈ લાખેણા
જઈ આરપાડ ગામે માહ્યારે, લલુભાઈ લાખેણા
તમે સદગુણ સાગર સારારે, લલુભાઈ લાખેણા
નાથજીને લાગો ખારારે, લલુભાઈ લાખેણા

ગરબી.

સુણ સાહેલી સદગુણ સાગર સંભુભાઈ સિધાવ્યા
તાઉ યાદ કર એમના જેવા અધિકારી નહીં
આંકણી. ટેક

એ અમદાવાદના રેહેવાશી,
જેણે સંતોષ્યા તિરથ વાસી;
એ પોતે જઈ આવ્યા કાશી. સુણ ૧

એ તો સુત કસનદાસ તણા,
સદગુણ તેના શી કહું ગણા;
એમને કરસે સઉ યાદ ઘણા. સુણ. ૨

અજવાળ્યું જ્ઞાતી કુળ તમે,
સઉ નહાના મોટા તમને નમે;
તમમાં જ્ઞાની વટ દીઠુ અમે. સુણ. ૩

એ ઉમરાવને અમીર છે,
વળી ચંચળ ને ગંભીર છે;

બડા બહાદુર ને સુરવીર છે. સુણ. ૪
પ્રતિપાલન બ્રાહ્મણનું કરતા,
ઠગ ચોર સહુ તમથી ડરતા;
તમે ઓળખતા સારા નરેતા. સુણ. ૫
જેને રઇયત ઉપર પ્રીત ઘણી,
એ સુણતા દાદ ગરીબ તણી;
જેની સુરતા રઇયત સુખ ભણી સુણ. ૬
એ પ્રગણામાં પોતે ફરતા,
સઉ નોકર ચાકર યાદ કરતા;
એ દુખીયા જનનાં દુખ હરતા. સુણ. ૭
દવાખાનું ને પુસ્તક શાળા,
રચો રેલવે પર ધરમશાળા;
સહુ દીપાવી વિદ્યાશાળા. સુણ. ૮
તમે મુસાફરને ઠરવાને,
સરવેને સુખી કરવાને;
બહુ શ્રમ વેઠયો દુખ હરવાને, સુણ. ૯

દવાખાનું દુખ હરે તનથી,
પુસ્તકશાળા દુખ હરે મનથ
એ સુખ પામ્યા આપ સજનથી, સુણ૦ ૧૦
તમે વિદ્યાના લાભ દરસાવ્યા,
કવિ પંડીતના શોધ કરાવ્યા;
વિદ્વાનો બહુ તમને ભાવ્યા, સુણ૦ ૧૧
તમે બાળકીઓને ભણવાને,
સુખની ઈમારત માણવાને;
બાગ વાવ્યાં સદગુણ લણવાને, સુણ૦ ૧૨
બાવીસમો અઠોબર જાણો,
અરાડમુ સઈકુ ઉર આણો;
ઈકોતેરની સાલ પરમાણો, સુણ૦ ૧૩
એ મેહેમદાવાદ મુકી ચાલ્યા,
ઝટ જઈને આરપારે મહાલ્યા;
નાથજી સદગુણ એમણે આલ્યા, સુણ૦ ૧૪

બાળકીઓને શીખામણની

ગરબી.

ઉભા રહો અલબેલડા કહુ વાતો તમને,
હાંરેહાં કહુ વાતો તમને. એ રાગ.

ભણો વિદ્યા તમે ભાવથી, આળસ દ્યો મુકી;
જેણે લાહાવો લીધો નહી, તેતો અવસર ચુકી;
હાંરે૦ ૧

જેમ વાળીએ તેમ વળે, કુમળુ ઝાડ પાતે; હાંરે.
મોટું થયે વળે નહી આખી ઉંમર જાતે; હાં
નાના વયમાંજ ભણો, હિંમત મન રાખી; હાં
જીવી જગમાં તે થઇ, જેણે વિદ્યા ચાખી; હાં
જાણું તે સઉ બાદલ, વિદ્યા ધન સાચુ; હાં.
વીરોધ કરે વિદ્યા તણો, બાળ તેનુ કાચુ; હાં.
ખરચ્યાથી ખુટે નહી, વિદ્યા ધન એવું; હાં.
જેમ વાવરીએ તેમ વધે, તે માટે લેવું; હાં.

ચોરી શરાબ નહીં ચોરથી, અની ગાહર કરતાં,
લુંટનાર લુંગી નપ રાંક, રષ્મ દિલમાં કરતાં; હાં૦
ભગ્ન નહીં તે ભાવથી, તેને ગુરૂપ ભ.ણિ; હાં૦
વિદ્યા વીનાના વીનતા, પશુ પરમાણો; હાં૦
ફેર માત્ર છે એટલો, તેમાં ને પશુમાં; હાં૦
નથી પુંછડું નથી શીંગડું, સરખાં બુદ્ધિમાં; હાં૦
કરજોડી કહું નાથજી, વિદ્યા છે મોટી; હાં૦
વેદ પુરાણ વાંચો જુઓ, નથી વાતજ ખોટી;
હારેહાં નથી વાતજ ખોટી.

ગરબા ૨ જો

અરૂપાથી બુદ્ધિ ઉઘડે, સુજે સઉ સારૂં; હાં૦
સુરજના પ્રતાપથી, નાસે અંધારૂં; હાં૦ ૧
ભમરી અણુ ભાવથી, કીડાને પાંખો; હાં૦
વીદ્યાના પરતાપથી, ઉઘડે બહુ આંખો; હાં૦

[illegible] સાચી, વીદ્યા ભણનારી; હાં૦
કુમાપનડા ઠગ લોકથી, જગની સમજણ ન્યારી; હાં૦
સુખ પામે સંસારમાં, સુધરેલી નારી; હાં૦
દુખ થકી તે નવ ડરે, ધરી હીંમત ભારી; હાં૦
રતન જેવી રામા બને, વીદ્યા ભણવાથી. હાં૦
ધાતુનું હેમ નીપજે, પારસ ઘસવાથી; હાં૦
પ્રગટ ગુણ પારસ તણો, વીદ્યામાં સાચો; હાં૦
અમર વિદ્યાની આગળે, છે પારસ કાચો; હાં૦
ઉપજ ખરચનો આંકડો, નામું તે જાણે; હાં૦
ધારે તે વીવેકથી, અવસર પરમાણે; હાં૦
પીયુની મરજી સાચવી, સંપીને ચાલે; હાં૦
પાણી માગે પ્રીતમ, તેને દુધ આલે; હાં૦
ભાગશાળી તે ભામની, જે વીદ્યા પામી; હાં૦
વીદ્યાના પ્રતાપથી, જાય દુખડાં વામી; હાં૦
વીદ્યા ભણી ભગવાનની, ભક્તી જો કરશો; હાં૦
કર જોડી કહે નાથજી, ભવ સાગર તરશો; હાં૦

ગરબી ૩ જી

જો ભણુ નહિ ભાગ્ય તણું, તો ભણવા મુકો;
વીદ્યામાં સુખ છે ઘણું, રખે અવસર ચુકો; ભણો
ધન્ય તેનાં માબાપને, જે પુત્રી ભણાવે; ભ૦
ધન્ય છે તે બાળનારીને, સદગુણ આચરશે; ભણો
કપડાંનો મેલ કાડવા, સાબુ લઇ ઓકો; ભ૦
કુબુદ્ધિ કાળ કહાડવા, તમે વિદ્યા શીખો; ભ૦
વિદ્યા વીના સઉ બાદલુ, જાણો નીમ જેવું; ભણો
અમરીતથી ઉપમા ઘણી, વિદ્યા ધન એવું; ભ૦
ભણવા થકી તમે પામશો, સદબુદ્ધિ સાગે; ભણો
અવગુણ જાશે અંગથી, આવશે ગુણ આગે; ભણો
મારગ સુખ પામવા તણો, મુરખ નવ જાણે; ભણો
અભણ રાખી પુત્રીને, સુખ ક્યાંથી માણે; ભણો
ઉછેરીને આકડો, કેરી કોણ પામે; ભ૦
અભણ રાખી પુત્રીને, દુખ શાથી વામે; ભ૦

ઉસેરપાથી નવ મટે, ઘરનું અંધારૂ; હાં૦
લાકડી મારી કાડવા, તમે મનમાં ધારયું; હાં
જો દીપક પ્રગટો ભાવથી, અંધારૂ નાસે; હાં૦
બીજા ઉપાય કર્યા થકી, કઇ પેર જનશે; હાં૦
અજ્ઞાન અંધારૂ કહાડવા, ભણાવો બાળા; હાં૦
દીવા પ્રગટયા જ્ઞાનના, જ્યાં વીદ્યાશાળા; હાં૦
પહેરો પટકુળ પ્રેમનાં, નીતીનાં સારાં; હાં૦
કર જોડી કહે નાથજી, પ્રભુને પ્યારાં; હાં૦

ગરબી ૪ થી

મુરખ માબાપ તેહના, આંધળાં અજ્ઞાની; હાં
નીશાળે નવ મોકલે, પુત્રી પોતાની; હાં૦ ૧
નહી વાંક બાળા તણો, વાંક માત પીતાનો; હાં
કોઈ કાળે વડે નહી, પવઈને પાનો; હાં૦ ૨
ફરી ફરી અવસર નહી મળે, વીદ્યા દુર્લભ છે;

સ્ત્રી ભણાવો પ્રીતથી, પામો જ્ઞાનની બુદ્ધી,
અવતાર તો એળે ગયો, જેણે અવસર ખોયો. ૬
વીદ્યા ધન લીધું નહી, આપ્યા ફરજંદ ન જોયે;
અકલ વીના સુખ કદી નથી, જુઓ વેદ પુરાણે;
આભુષણ માંહે વડું, ફલ નથ આપે, હાં૦
ખાગાને જમવા તણું, તેતો કાળ કાપે; હાં૦
ગુરખાં ગાન પીતા તણી, એખાંણી એવી; હાં૦
અંધા આગળ આરશી, દેખાડે તેવી; હાં૦
આંખ્યો છે પણ આંધળા, ઘુડ જેવા પ્રાણી; હાં૦

સ્ત્રી ભણ્યાના ફાયદા, સૌ નર જાણી; હાં૦
ભસુ તાકી ભુંડું કરે, વીવાની વરશી; હાં૦
અકલ વીનાનાં આંધળાં, રાજી પુત્રો તરશી; હાં૦
તરસ મટે વીદ્યા પછી, રહે છે મન તાજું; હાં૦
દુખ મટવા ભણી ભાતથી, આપો જ્ઞાનનું ભાણું.
વીદ્યા વીનાની ભામની, જુંડાં વાગ્ર ભાંજે; હાં૦

અમતે નહીં શીતભાતમાં, આંખળી છતી આંખે;
વીદ્યા વીનાની કામની, કંથ ઉપર કોપે; હાં.
લાજ ન રાખે લોકની, મુરજાદા લોપે; હાં૦
પામે પીડા પક્ષી ખાગ્રુ, હોય પાંખ વીનાનું;હાં૦
વીદ્યા વીનાની વીનતા, તેને સુખ શાનું; હાં૦
વીદ્યા વીનાની વીનતા, હોય સાઠ વરસની;હાં
બાળક બુધ તેમાં વસે, વદે વાતો વસની;હાં.
વાંઝણી કુરી વેદના, વીતે તે જાણે; હાં૦
વીદ્યા વીનાની વીનતા, સુખ ક્યાંથી માણે;હાં
કર જોડી કહે નાથજી, બીજુ સઉ કાચું;હાં
ભણી સાનજ પામવા, વીદ્યા ધન સાચું;
હાંરેહાં વીદ્યા ધન સાચું. ૧૬

સમાપ્ત.

દોહરો.

જીસકે પાસે ખંચ નહી,
મરમ નહી મનમાંય;
ઉસકા સંગ ન કીજીએ,
છોડ ચલે બન માંય.
જ્યાકે હૃદે ડર નહી,
શીઝ સરે ન કાજ;
વા ગાંડુકુ સેવીએ,
જાય સમુળી લાજ. ૨
કામ પડે તબ જાણીએ,
જે નર જેસા હોય;
બોનતામે ખોટા ખરો,
ગહુનો લેહન કોય. ૩